નવી બાબત ૨૦૨૦-૨૧

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ માટે અવેરનેસ કેમ્પ કરવા બાબત

રૂ.૧૦.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૭૯૧૫૪/ન.બા.-૭૩/અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૧૮/૦૭/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૨૬ તથા તા.૦૪/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./ન.બા./૨૦૨૦-૨૧/૩૬૬

આમુખ:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના આર્થિક ઉત્કર્ષ માટે સરકારશ્રીને એક સ્વાયત્ત સંસ્થાની જરૂરિયાત જણાતી હતી. આ હેતુ પાર પાડવા ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના નામનો ખરડો વિધાનસભાએ વર્ષ ૧૯૮૫માં પસાર કર્યો. જે ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન અધિનિયમ-૧૯૮૫ તરીકે ઓળખાય છે. આ અધિનિયમની કલમ (૪)(૧) નીચે ગુજરાત સરકારે તા.૦૬/૦૭/૧૯૮૭ થી ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશનની રચના કરવામાં આવેલ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ૧૪૬ જાતિઓમાં રહેલ અંધશ્રદ્ધા, સામાજિક કુરીવાજ, આરોગ્ય અને સ્વચ્છતા વિષયક બાબતોમાં સુધારા સૂચવવા માટે તેમજ તેમની સાંસ્કૃતિક અને સંલગ્ન પ્રવૃત્તિઓના વિકાસ માટે સામાજિક સેમીનારો ચલાવવાનો નિગમનો ઉદ્દેશ છે. આ માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ૧૪૬ જાતિઓમાં રહેલ બાળ લગ્ન પ્રથા નાબૂદી, વ્યસન મુક્તિ, સ્વચ્છતા અભિયાન, નિગમની યોજનાઓનો પ્રચાર-પ્રસાર તેમજ વસુલાત માટે અવેરનેસ કેમ્પો સંસ્થાઓના સંકલનમાં રહી કરવા માટે પ્રતિ કેમ્પદીઠ રૂ.૦.૫૦ લાખ મળી વર્ષ દરમ્યાન ૨૦ કેમ્પો

(P.T.O)

માટે રૂ.૧૦.૦૦ લાખની નવી બાબત માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ૧૪૬ જાતિઓમાં રહેલ બાળ લગ્ન પ્રથા નાબૂદી, વ્યસન મુક્તિ, સ્વચ્છતા અભિયાન, નિગમની યોજનાઓનો પ્રચાર-પ્રસાર તેમજ વસુલાત માટે અવેરનેસ કેમ્પો સંસ્થાઓના સંકલનમાં રહી કરવા માટે પ્રતિ કેમ્પદીઠ રૂ.૦.૫૦ લાખ મળી વર્ષ દરમ્યાન ૨૦ કેમ્પો માટે રૂ.૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દસ લાખ પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ..ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ યોજનાઓનું અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

(૧૨) બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના S.O.R. મુજબ નકશા/અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારી વહીવટી/તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમાનુસાર કરવાની રહેશે.

(૧૪) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવું નહિ અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

(૧૬) નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવમાં તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી પ્રતિબંધિત કરેલ ખર્ચ વિષયક બાબતો પર ખર્ચ ન થાય તે વિભાગે જોવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી નંબર: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩-અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૧૯૦-જાહેર સાહસોને સહાય, પેટા સદર: (૦૧)-ઓબીસી-૧૦ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની વહીવટી ગ્રાન્ટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(P.T.O.)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેક્ટ ફાઇલ